શ્રીમદ્ રાજચંદ્ર જન્મજયંતી વિશેષાંક

વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

October - 2025

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

## પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની જન્મજયંતી (કાર્તિક પૂર્ણિમા)ના મંગલ અવસર પર તેમના ચરણોમાં  કોટિ કોટિ વંદન!!!



'શ્રીમદ્ રાજચંદ્રજી'ની જન્મજયંતી છે ને! બહુ નિર્મળ પરિણતિ લઈને વૈમાનિકદેવમાં ગયા છે. ત્યાંથી મનુષ્યક્ષેત્રમાં આવીને ચરમશરીર ધારણ કરીને નિર્વાણદશાને પ્રાપ્ત કરશે. મુનિદશા અંગીકાર કરશે, સંપૂર્ણ ચારિત્રની સિદ્ધિ થશે અને નિર્વાણદશાની પ્રાપ્તિ થશે. પોતાના નિર્મળજ્ઞાનમાં એમને એ ભાસ્યું છે. એક અંગત કાવ્યની અંદર એ વાત એમણે પ્રસિદ્ધ કરી છે. 'ધરીને એક જ દેહ જાશું સ્વરૂપ સ્વદેશ.' તેથી વર્તમાન મુમુક્ષુ સમાજ ઉપર, હજારો માણસો ઉપર એમનો ઉપકાર વર્તે છે.


– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૧ : અંક–૩૩૪, વર્ષ–૨૭, ઑક્ટોબર–૨૦૨૫




## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પ્રત્યે પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયોદ્ગાર



'શ્રીમદ્ રાજચંદ્રજી'એ જન્મભૂમિ વવાણિયા (સૌરાષ્ટ્ર)માં, સવારે માતુશ્રીના ખાટલા ઉપર બેસીને આ 'અપૂર્વ અવસર' નામક કાવ્યની રચના કરી છે. (પેજ–૨)

પૂર્ણ શુદ્ધ આત્મસ્વરૂપ સિદ્ધ પરમાત્મા જેવું છે તે લક્ષમાં રાખીને પૂર્ણતાને લક્ષે આત્મસ્વરૂપની ભાવના 'શ્રીમદ્' વધારે છે. (પેજ–૩)

*

'શ્રીમદ્'નો એક દોઢ લીટીનો ટુકડો છે તેમાં લખે છે કે, 'શ્રી કુંદકુંદાચાર્ય' આત્મસ્વરૂપમાં બહુ જ સ્થિત હતા. (પેજ–૫)

*

'શ્રીમદ્ રાજચંદ્ર'ને સમ્યગ્દર્શન અને આત્મ–અનુભવ તો હતો, એટલે અહીં મુનિપણાની ભાવના ભાવે છે, (પેજ–૯)

*

'શ્રીમદે' જ્ઞાનસહિત પુરુષાર્થની ધારા ઉપાડી છે, અને ઝપાટાબંધ આ એકવીશ ગાથા ક્રમબદ્ધ લખાઈ ગઈ છે; એ જ્ઞાનસ્વરૂપની એકાગ્રતા અને તે વખતની વિરલ દશા કેવી હશે! અપૂર્વ સાધનનું ઘડતર કેવું હશે! એમ પરમ આશ્ચર્યકારી સદ્વિચારશ્રેણી હોય ત્યાં કેવું પરમાર્થરૂપ કામ કરી શકાય છે એના ગંભીર ન્યાયનો વિચાર કરજો. આવી અપૂર્વ વાત કોઈ બીજા પાસેથી લાવો તો ખરા! જેની બુદ્ધિ મતાગ્રહથી મોહિત છે તેને સત્ય નહિ મળે. લોકો મધ્યસ્થપણે વિચાર ન કરે અને કેવળ નિંદા કરે કે 'શ્રીમદે' પૂજાવા માટે આ બધું લખ્યું છે; પણ એમ કહેનારા પોતાના આત્માની ભયંકર અશાતના કરે છે. તેમનો ગૃહસ્થ વેશ જોઈને વિકલ્પમાં ન પડવું; આવી અપૂર્વ ભાવનાની વાણીનો અપૂર્વ યોગ તો

કોઈ લાવો! ગોખ્યે થાય તેમ નથી. એમને સહજ પુરુષાર્થની ધારા ચાલી હતી; તેમને કોઈએ કહ્યું નહોતું કે તમે અત્યારે 'અપૂર્વ અવસર'ની અંતર્ગત ભાવનાનું કાવ્ય લખો; પણ જ્યાં જિનદીક્ષા (ભગવતીદીક્ષા)નું બહુમાન થયું ત્યાં આત્મા અંદરથી ભણકાર મારતો સ્થિરતાનો પુરુષાર્થ માગે છે. નિવૃત્તિ લેવાનો પુરુષાર્થ આવે છે કે સર્વસંગ વિમુક્ત, જેવો છું તેવો થાઉં. એમ મુનિપણાની ભાવના ભાવતા હતા.

આ તે ઘરમાં છે કે વનમાં? પૂર્ણ સ્થિરતાની દૃષ્ટિ પોકાર કરે છે કે હવે હું ક્યારે પૂર્ણ થાઉં. વર્તમાનકાળે કેવળી ભગવાનના વિરહ પડ્યા, એ વિરહ ટળીને પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિનો અપૂર્વ અવસર ક્યારે આવશે એવી ભાવના કરી છે. કોઈ કહે કે તેઓ ધંધો કરતા હતા, રૂપિયા ભેગા કરતા હતા; પણ ભાઈ રે! બાહ્યદૃષ્ટિ વડે એવા પવિત્ર ધર્માત્માના હૃદય પારખવાં કઠણ પડે, કારણ કે ગૃહસ્થ વેષ હતો. એમના અંતરની ઉજ્જ્વળતા ઓળખવી સાધારણ જીવોને કઠણ પડે. સમાજમાં સ્વચ્છંદ આદિનું જોર હતું; તેમાં સાચી વાત કોને કહેવા જાય? તેમના કાળજામાં સર્વજ્ઞજ્ઞાનીનો મોક્ષમાર્ગ હતો પણ તે વખતનો સમાજ જોઈને બહુ જાહેરમાં ન આવ્યા; લોકોના પુણ્ય એવાં એમાં બીજું શું થાય? કાળની બલિહારી છે! (પેજ–૧૩,૧૪)

*

'શ્રીમદ્' એ મહત્ પુરુષ સર્વજ્ઞ ભગવાનનો વિરહ સંભારીને ભાવના ભાવતા હતા. (પેજ–૧૪)

*

'શ્રીમદ્' અહીં સ્વરૂપની સ્થિરતાનું ઘોલન કરે છે, પોતાના ભાવને મલાવે છે, તેના એકેક શબ્દમાં અપૂર્વતા છે, માંગળિકમાં જ અપૂર્વતા છે, અપૂર્વ સાધકદશા (મુનિપર્યાય) પ્રગટ થવાની ભાવના ભાવે છે. (પેજ–૧૭)

*

જુઓ તો ખરા! 'શ્રીમદ્ રાજચંદ્રે' ગૃહસ્થાશ્રમમાં ખાટલા ઉપર બેસીને કેવી ભાવના ભાવી છે! આ જાતનો સૈદ્ધાંતિક ટુકડો તો કોઈ લાવો! (પેજ – ૧૯)

*

'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.' ૨૯મા વર્ષે 'શ્રીમદ્' આ ભાવના ભાવે છે. (પેજ–૫૧)

*

'શ્રીમદ્' પોતાને જે સ્થિતિ જોઈએ છે તેની ભાવના કરે છે એટલે કે મુનિપણાની તૈયારી વર્તમાનથી જ કરી રાખી છે. તેથી હવે અલ્પકાળ પછી સાક્ષાત્ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન આદિ કોઈ મહત્પુરુષ પાસે મુનિપણું લેશે, અને જિનઆજ્ઞાનું આરાધન કરતાં સ્વરૂપસ્થિરતા વડે એ અપૂર્વતાથી 'જાશું સ્વરૂપ સ્વદેશ જો' એટલે કે મોક્ષદશા લેવાના છે. એ નિર્ગ્રંથદશા વડે જિનઆજ્ઞાએ વિચરતાં 'પ્રભુ આજ્ઞાએ થાશું તેહ સ્વરૂપ જો' એટલે કે પૂર્ણતાને પામશું – કહ્યું છે કે :

'અવશ્ય કર્મનો ભોગ જે, ભોગવવો અવશેષ રે;

તેથી દેહ એક જ ધારિને, જાશું સ્વરૂપ સ્વદેશ રે; ધન્ય રે દિવસ આ અહો!'

સૂક્ષ્મપણે અંતરંગ પરિણામની હદ (સ્થિતિ) ઉપર કરતાં કંઈક કર્મ બાકી રહ્યાં છે એમ જણાયું, તેથી તેનો ક્ષય કરવા માટે હજી એક દેહ બાકી છે, એમ અંદરમાં સાક્ષી લાવીને પુરુષાર્થ સહિત તેઓએ કહ્યું છે. કોઈ આવા અપૂર્વતાના સંદેશા લાવો તો ખરા! અહો! ગૃહસ્થ વેશમાં બેઠા પણ કેવળજ્ઞાનના ભણકાર અંતરંગમાં પોતાની સાક્ષીવડે આવે છે! કોઈને પૂછવા જવું ન પડે. લોકો પક્ષપાત છોડી મધ્યસ્થપણે ન્યાયથી વિચારે તો જ જ્ઞાની ધર્માત્માનું હૃદય જાણી શકાય.

'ધન્ય રે દિવસ આ અહો! જાગી રે શાંતિ અપૂર્વ રે.'

આ વાણી આત્માને સ્પર્શીને આવી છે, એ ભાવનાના નિમિત્તે સાચા અભિપ્રાયનું ઘોલન અને પુરુષાર્થ વધારે છે. (પેજ–૫૮,૫૯)

*

આ વીતરાગસ્વરૂપ સાધકની ભૂમિકામાં બાહ્ય પણ નગ્ન દેહ, નિર્ગ્રંથ દશા જ સહજ નિમિત્ત હોય એ ચોક્કસ નિયમ છે. તે નિયમને 'શ્રીમદ્ રાજચંદ્ર' જાણતા હતા, તેથી પ્રથમ ગાથામાં જ કહે છે કે, 'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો, સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું ક્વ મહત્પુરુષને પંથ જો.' (પેજ–૬૦)

*

'શ્રીમદ્ રાજચંદ્ર'ની બાહ્ય સ્થિતિ ગૃહસ્થાશ્રમની દેખાય છે છતાં ભાવના કેવી ઉત્કૃષ્ટ ભાવે છે! અંતરમાં પવિત્ર ઉદાસીનતા, નિવૃત્ત ભાવ, મોક્ષસ્વભાવને સાધવાની હોંશ–ઉત્સાહ તેમને ઊછળે છે. ધન્ય તે નિર્ગ્રંથ સાધક દશા! (પેજ–૬૪)

*

દેહ પ્રત્યે અણુમાત્ર જેને મમત્વ નથી એવી અશરીરી ભાવનામાં વર્તનારા ધર્માત્માના ભાવ કેવા ઉત્કૃષ્ટ હોય છે તે જુઓ તો ખરા! આ વખતે 'શ્રીમદ્' ઝવેરાત ધંધામાં બેઠા હતા કે આત્મામાં? (પેજ–૬૭)

*

આ કાવ્ય લખ્યું તે વખતે મુંબઈમાં તેમને ઝવેરાતનો વેપાર આદિ બાહ્ય વ્યવસાય દેખાતો હતો; છતાં સર્વ પરિગ્રહથી નિવૃત્ત થવાની અને ઉત્કૃષ્ટ સાધકદશાની ભાવના ભાવતા હતા. આ કાવ્યના એકેએક શબ્દની પાછળ ગંભીર ભાવાર્થ છે. તેઓ મહા વૈરાગ્યવંત હતા, અને પુરુષાર્થ વડે મોક્ષસ્વભાવદશા પ્રગટ કરું એવી ભાવના સહિત અંશે સ્વરૂપની સ્થિરતાની સાવધાની રાખીને મુનિપણાની ભાવના તેઓ અહીં ભાવે છે. (પેજ–૬૭)

*

'સિંહે પકડ્યું ગળું ત્યારે જ્ઞાનીએ પકડી અડોલ સ્થિરતા.' ક્ષપકશ્રેણી માંડીને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટ કરું, એ ભાવના સંસારી વેષમાં 'શ્રીમદ્' ભાવી ગયા. એ જાતનો અપૂર્વ ભાવ તો

કોઈ લાવે!

એવી રીતે 'શ્રીમદ્' તપશ્ચર્યામાં પણ ઉત્કૃષ્ટતા દેખાડે છે. (પેજ–૬૯)

*

ઘોર તપસ્યાથી શરીર જીર્ણ થઈ ગયું હોય, સૂકા કોલસા અથવા સૂકા તલસરાં ગાડામાં ભર્યા હોય અને તે ખખડે, તેમ છ–છ મહિનાના ઉપવાસ સહજ થઈ જતાં શરીરનાં હાડકાં ખખડતાં હોય, એવા મુનિપદની ભાવના 'શ્રીમદ્' સંસારમાં રહીને કરે છે. (પેજ–૭૨)

*

અનન્ય ચિંતનવડે અતિશય શુદ્ધ અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપમાં મારી રમણતા પ્રગટપણે વધતી જાય અને તેમાં આરૂઢ થઈ ક્ષપકશ્રેણી માંડું એવો અવસર શીઘ્ર પ્રાપ્ત થાઓ! એવી ભાવના અહીં 'શ્રીમદે' ભાવી છે. (પેજ–૭૭)

*

જુઓ, તો ખરા! ગૃહસ્થ-વેષ છે, ૨૯ વર્ષની ઉંમર છે, યુવાન અવસ્થા છે; છતાં અતીન્દ્રિય ભાવનામાં આખો આત્મા અને સાધક સ્વભાવ ઘોળાય છે. પાંચ વર્ષ પછી ('શ્રીમદ્') સમાધિ–મરણ કરવાના છે. એ અપૂર્વ જાગૃતિ કેવી હશે! એક ભવે મોક્ષસ્વરૂપ પ્રગટ થશે એ ભાવના, એ જાતનો વિશ્વાસ અને દઢતર ઉત્કૃષ્ટ રુચિ કેવી હશે! (પેજ–૮૨)

*

'શ્રીમદ્'ને સાતમે વર્ષે જાતિસ્મરણ જ્ઞાન થયું હતું; તેમની યાદશક્તિ એવી તીવ્ર હતી કે કોઈપણ પુસ્તક એક વખત વાંચી જાય તો ફરીને વાંચવું પડે નહીં. એટલી તો જ્ઞાનની ઉઘાડશક્તિ હતી! શ્વેતાંબરના ૪૫ આગમ-સૂત્રો તેઓ ટૂંકા વખતમાં વાંચી ગયા હતા, અને દિગંબરના સત્ શાસ્ત્રોનો સારો અભ્યાસ હતો; આખા જિનશાસનનું રહસ્ય તેમના અંતરમાં ભર્યું હતું. એવી વિશાળ અને તીક્ષ્ણબુદ્ધિ તેમની હતી. પોતે લોક-પ્રસંગથી દૂર રહેવા માગતા હતા, નિરંતર સ્વરૂપની સાવધાનીનો વિચાર, શાસ્ત્રવાંચન, ઊંડું મનન કરતા હતા, તથા ભાવના ભાવતા હતા કે હું ક્યારે નિવૃત્તિ લઉં? (પેજ–૮૮,૮૯)

*

'શ્રીમદ્ રાજચંદ્રે' યુવાન વયે અપૂર્વ વૈરાગ્ય, ઉપશમ ભાવ સહિત મોક્ષપદની પ્રાપ્તિ માટે વિશાળ વીતરાગ સ્વરૂપની ભાવના કરી બુદ્ધિનો સદુપયોગ કર્યો હતો. (પેજ–૯૨)


*

'શ્રીમદ્ રાજચંદ્ર' આ જાતની ભાવના અંતર્રમણતા સહિત ભાવતા હતા; તે ભાવના એક દેહ પછી પૂર્ણ કરવાની છે, તેનો આ નિઃસંદેહ કોર-કરાર છે. (પેજ–૯૬)

**('અપૂર્વ અવસર' પર પ્રવચનમાંથી સાભાર ઉદ્ધૃત)**

# એક આશ્ચર્યની પ્રતિમા- શ્રીમદ્ રાજચંદ્ર!!

(તેઓશ્રીની જન્મજયંતીએ પૂજ્ય ભાઈશ્રી દ્વારા ગુણાનુવાદ)






આજે ‘કૃપાળુદેવ’ની જન્મજયંતીનો મહોત્સવ દિન છે. આપણું એ પરમ સૌભાગ્ય છે કે, આવા મહાપુરુષનો જન્મદિવસ ઊજવવાનું સદ્‌ભાગ્ય આપણને પ્રાપ્ત થાય છે. વાસ્તવિકપણે તો તેમનું સ્મરણ કરીને તેમના ગુણાનુવાદ, તેમની ભક્તિ એ વિશેષ પ્રકારે કરવાનો આજનો દિવસ છે. તેમના ગુણોથી તેમનું સ્મરણ કરીને તેમના પ્રત્યે જે કાંઈ બહુમાન હોય તે બહુમાન વૃદ્ધિગત થાય એ પ્રકારે આજનો દિવસ વિશિષ્ટભાવથી પસાર થવો જોઈએ.

જ્યારે તેમનું સ્મરણ કરીએ છીએ ત્યારે તેમની જે મુખમુદ્રા છે તેનું પ્રથમ જ નિદિધ્યાસન થાય છે. ભલે અત્યારે આપણી પાસે એ પ્રત્યક્ષ નથી તોપણ પ્રત્યક્ષવત્ પ્રતિભાસે છે. તેમની મુદ્રા આપણા ચૈતન્યપ્રદેશોમાં અંકિત થાય છે, **visualize** થાય છે – દેખાય છે.

અહો! તેમની મુદ્રા! અહો! તેમની મુદ્રામાં પ્રદર્શિત થતી ગંભીરતા! એમનું જે પરમ ગાંભીર્ય છે તે તેમની મુદ્રામાં બહુ સારી રીતે પ્રસિદ્ધ થાય છે, પ્રદર્શિત થાય છે. એવી એક અસાધારણ અપૂર્વતા એમનામાં દ્રષ્ટિગોચર થાય છે.

તેમના વચનયોગ માટે તો બીજાના વચન અધૂરા અને ઓછા પડે એવા છે. એવો કોઈ સાતિશય વચનયોગ તેઓશ્રીને પ્રાપ્ત હતો કે, જેનો પુરાવો આ ‘વચનામૃત ગ્રંથ’ આપણી સમક્ષ છે. એ વચનયોગથી આજે પણ હજારો માણસો આકર્ષિત થાય છે. કોઈ એવો ચમત્કાર કહીએ, કોઈ એવો અતિશય કહીએ, કોઈ એવો લોકોત્તર જાદુ કહીએ, તે પ્રકાર તેઓશ્રીના વચનયોગમાં પ્રસિદ્ધ છે. તેનું બીજા વચનોથી પ્રશંસા કે ગુણાનુવાદ કરતાં ઓછું લાગે છે, અધૂરું લાગે છે. જેટલું સમજમાં આવે છે, જેટલું અનુભવાય છે તેટલું કહી શકાતું નથી.

એ વચનયોગ અને એ વચનયોગ દ્વારા જે-જે મુમુક્ષુ આત્માઓ તેમના પ્રત્યક્ષ પરિચયમાં આવ્યા તેમના પ્રત્યે તેમની જે પરમ કરુણા, તેમનો ઉદ્ધાર કરવાની જે નિષ્કામ કરુણા, એ કરુણા પણ તેમના એકે-એક પત્રમાં દેખાય છે. માત્ર એ કરુણા જ હતી એટલું જ નહિ પણ એ એક લોકોત્તર વિચક્ષણતા પણ હતી. જેમ કોઈ કુશળ વૈદ્ય હોય, **expert** ડૉક્ટર હોય અને ગંભીરમાં ગંભીર રોગીને પણ


(પરમ કૃપાળુદેવને નિરખતા પૂ.ભાઈશ્રી – સાયલા)

એકદમ તંદુરસ્તી પ્રત્યે, **stage by stage, stage by stage** લઈ જાય એ રીતે તેઓશ્રીના પરિચયમાં આવેલા મુમુક્ષુઓને તેમના આત્માની ઉન્નતિ ક્રમમાં તેઓ લઈ આવતા.

એ પ્રકાર જે છે એવો પ્રકાર અનેક મહાત્માઓનો ઈતિહાસ જોતાં પણ એમ લાગે છે કે, એ પ્રકારની વિચક્ષણતા ભાગ્યેજ અનેક ધર્માત્માઓમાં પણ કોઈએક ધર્માત્મામાં હોય એવા પ્રકારની હતી. અત્યંત વિચક્ષણતા! કોઈ પણ મુમુક્ષુને કેટલી વાત કરવી, કેવી વાત કરવી, કેટલી માત્રામાં કરવી કે ન કરવી, એવી વિચક્ષણતા જે–તે મુમુક્ષુની યોગ્યતાને પારખીને તેઓશ્રી એને જે **treatment** આપતા – જે બોધ આપતા એમાં કેવળ સામાનું આત્મકલ્યાણ સિવાય બીજું કાંઈ નહિ.

એ સિવાય એમની જે સરળતા છે તે તેઓશ્રીના પત્રમાં કોઈ અસાધારણ રીતે વ્યક્ત થાય છે. સરળપરિણામી જીવો કેવા હોય અને ધર્માત્માની સરળતા કેવી હોય એના માટે આ ગ્રંથ છે એ એક અસાધારણ પુરાવો છે, અસાધારણ સાબિતી છે. પોતાના પરિણામની વાત કરવી એ અસાધારણ અને અત્યંત સરળતા સિવાય સંભવિત નથી. પ્રયોગ કરી જોઈએ તો ખ્યાલ આવે એવું છે કે, આપણે આજે પણ સત્સંગ કરીએ છીએ તો એ સત્સંગમાં આપણે આપણાં પરિણામોની કેટલી ચર્ચા કરીએ છીએ? કે, મને આટલા દોષ થાય છે, મને આવા–આવા પ્રકારના પરિણામ થાય છે, એમાં વિપરીતતા શું છે? એમાં ક્ષતિ શું છે? એમાં ખામીઓ શું છે? કઈ રીતે એને સુધારવા જોઈએ?

‘કૃપાળુદેવે’ પોતાનાં પરિણામો પત્રની અંદર લખીને જે બોધ આપવાની એક પ્રણાલિકા કહીએ, બોધ આપવાની એક વિધિ કહીએ, રીત કહીએ, કાર્યની પદ્ધતિ કહીએ – એ પદ્ધતિ ખરેખર અનુસરણ કરવા જેવી છે, અનુકરણ કરવા જેવી છે. અને જે પ્રાયેઃ અનુકરણ થતી જોવામાં આવતી નથી. આ એક વિશિષ્ટ પ્રકાર અંગીકાર કરવા યોગ્ય છે અને તો જ આપણે તેમના માર્ગે ચાલીએ છીએ. માત્ર વાંચી જઈએ, માત્ર વાંચીને પ્રશંસા કરીએ એટલું નહિ હોવું જોઈએ. તેઓ કઈ રીતે વર્ત્યા છે? પોતાના પરિણામની અધ્યાત્મિક પરિસ્થિતિ પણ વ્યક્ત કરી છે અને એવું તો ભાગ્યે જ કોઈ વ્યક્ત કરે.

ખરી વાત એવી છે કે, જે કાંઈ જ્ઞાનીપુરુષની જ્ઞાનદશા છે, જે કાંઈ એમના આત્મગુણોનો આવિર્ભાવ થયેલો હોય છે એ તો એમની સંપત્તિ છે! એ એમની કમાણી છે! એ એમની મૂડી છે! આજે આપણે આપણી મૂડી કોઈને બતાવીએ છીએ? કે, ભાઈ! મારી પાસે આટલી મૂડી છે! ઓછી હોય તોપણ કોઈ બતાવતું નથી અને વધારે હોય તોપણ બતાવતું નથી. હા, બતાવે કોને? પોતાના આત્મીયજન હોય, પોતાના પિતા હોય, પુત્ર હોય, પત્ની હોય એને બતાવે છે કે, ‘આપણી પાસે આમ

છે! અને એ પ્રમાણે આપણે ચાલવું જોઈએ.'

'કૃપાળુદેવે' પોતાની મૂડી – આત્મસંપત્તિ પત્રો દ્વારા વ્યક્ત કરી છે. એ ઉપરથી એમ લાગે છે કે, તેઓશ્રીની તેમના પરિચયમાં આવતા સુપાત્ર જીવો સાથેની આત્મીયતા કેટલી હદે હતી!! કોઈ પણ ધર્માત્મા આવી વાત ભાગ્યે જ કરે. જે વાતો એમણે અનેક પત્રોમાં (કરી છે). અને તેમાં પણ ખાસ કરીને 'સોભાગભાઈ' જે એમના પરમ નિકટ સખા હતા, તેમના પત્રોમાં વિશેષપણે કરી છે. એ એક 'સોભાગભાઈ'નો પણ ઉપકાર છે!! કે, જેમના સંયોગને લીધે, જેમના યોગને લીધે 'કૃપાળુદેવ'ની અભ્યંતર દશા – આત્મદશા પ્રસિદ્ધ પામી અને 'કૃપાળુદેવ'ને એ રીતે એમના અંતરંગથી સમજવાનો એક મોકો – એક તક આપણને પ્રાપ્ત થઈ છે. એ એમની અસાધારણ અત્યંત–અત્યંત સરળતાનો પુરાવો છે.

તેમની નમ્રતાનો વિચાર કરીએ તો એવો દાખલો ભાગ્યે જોવા મળે, એવા વચન અને કથન ભાગ્યે જ જોવા મળે એવો પ્રકાર આ ગ્રંથની અંદર પ્રસિદ્ધ છે. એ વિષયમાં એમનો પત્રાંક ૫૩૯ છે એ વિચારવા યોગ્ય છે. એ રીતે 'કૃપાળુદેવ'ના ગુણગ્રામ કરીએ તો કલાક તો ઓછો પડે એવું છે! 'બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણદશા પામે છે; અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે.' સંસારની ચાર ગતિને એક વચનમાં સમાવી દીધી! વચનના અર્ધા ભાગમાં સમાવે છે!! અને મોક્ષની ગતિ – પંચમ ગતિ પ્રાપ્ત કરવાને બાકીનું અર્ધુ વચન કહી દીધું. આ વચનયોગનું સામર્થ્ય છે!! સંસાર અને મોક્ષ – એક વચનમાં કારણ–કાર્ય સહિત કહ્યાં છે. 'જેના ચિત્તમાં એવો માર્ગ વિચારવો અવશ્યનો છે,...' કે, મારું પરિભ્રમણ ટળવું જોઈએ અને નિજમાં નિજબુદ્ધિ કરીને પરિભ્રમણથી મુક્ત થવું જોઈએ. તેણે શું કરવું ? (કે) '...તેણે તે જ્ઞાન જેના આત્મામાં પ્રકાશ પામ્યું છે,...' તેવા જ્ઞાનીપુરુષની તેવા સત્પુરુષની '...દાસાનુદાસપણે અનન્ય ભક્તિ કરવી, એ (મુમુક્ષુનું) પરમ શ્રેય છે.' પરમ કલ્યાણ છે.

હવે તેઓશ્રીની અસાધારણ નમ્રતાનો પુરાવો છે. આટલા અનુસંધાન પછી (લખે છે) '...તે દાસાનુદાસ ભક્તિમાનની ભક્તિ પ્રાપ્ત થયે જેમાં કંઈ વિષમતા આવતી નથી, તે જ્ઞાનીને ધન્ય છે.' શું કહ્યું? જ્ઞાનીપુરુષ, કે જે જ્ઞાનીપુરુષની દાસાનુદાસપણે ભક્તિ કરતા હોય તેની પણ ભક્તિ કરે અને છતાં પણ વિષમતા એટલે **inferiority of complex** ઉત્પન્ન ન થાય! કે, અરે...! દાસાનુદાસની ભક્તિ જ્ઞાની કેવી રીતે કરે?! જ્ઞાનીની ભક્તિ તો એમના દાસ અને એમના ભક્તો અવશ્ય કરે, એ તો એક સાધારણ વાત છે – સામાન્ય વાત છે, સંભવિત વાત છે. પણ દાસાનુદાસ ભક્તિમાનની ભક્તિ પ્રાપ્ત થયે જેમાં કોઈ વિષમતા આવતી નથી, વિકલ્પ ઉત્પન્ન ન થાય કે, 'આમાં મારા માન – અપમાનનો સવાલ શું છે ? લોકો કઈ રીતે મને જોશે? શું સમજશે?' તે જ્ઞાનીને ધન્ય છે!! આ રીતે, આ અભિપ્રાયથી જ્ઞાની જ્ઞાનદશાને પ્રાપ્ત થયા હોય છે. તેમને કદી પણ માન – અપમાનની કલ્પના ક્યાંય પણ થતી નથી. 'તેટલી સર્વાંશદશા જ્યાં સુધી પ્રગટી ન હોય ત્યાં સુધી આત્માને કોઈ ગુરુપણે આરાધે

ત્યાં પ્રથમ તે ગુરુપણું છોડી તે શિષ્ય વિષે પોતાનું દાસાનુદાસપણું કરવું ઘટે છે.' જુઓ! નમ્રતાનો પુરાવો! આવા વચનો અન્યત્ર ક્યાંય જોવા મળતા નથી.


એ વચનો જ્યારે સામે આવે છે ત્યારે, અહો! તેમની નમ્રતા! એવો આશ્ચર્યકારક ભાવ થયા વિના રહેતો નથી!! અહો! તેમની ગવેષણા! ગવેષણા એટલે સત્યની ખોજ. કેવા પ્રકારે એમણે સત્યની ખોજ કરી અને પરમ સત્યને પ્રસિદ્ધ કર્યું – પ્રગટ કર્યું!

અહો! તેમનું શ્રદ્ધાન! વર્તમાન પંચમકાળ એક એવો કાળ છે કે જેને શાસ્ત્રકાર 'હુંડાવસર્પિણીકાળ' કહે છે! સર્પ જેમ સીધો ચાલે નહિ એમ આ કાળ સીધો ચાલે નહિ. એટલે કે ધર્માત્મા હોય, ગમે તે હોય એને પણ બહારમાં સંયોગોની ચડ-ઊતર, ચડ-ઊતર થયા જ કરે. એવા અનેક પ્રકારના ચિત્ર-વિચિત્ર પૂર્વ કર્મના ઉદયો આવવા છતાં પણ જેમનું અવિચળ શ્રદ્ધાન એવું ને એવું અવિચળ રહે છે! એવા એમના અચલિત શ્રદ્ધાનને જો લક્ષમાં લેવામાં આવે તો એમના પ્રત્યે હૃદય નમી પડ્યા વિના રહે નહિ!!

અહો! તેમનું નિરાવરણજ્ઞાન! જ્ઞાન તો જ્ઞાન છે પણ જ્ઞાનમાં બે પ્રકાર છે. આવરણ સહિતનું જ્ઞાન અને નિરાવરણજ્ઞાન. જ્ઞાનીપુરુષનું જ્ઞાન ભ્રાંતિરહિત થયું હોવાને લીધે તે જ્ઞાન નિરાવરણતાને પ્રાપ્ત થયું છે. જેને પોતાના પરમાત્મસ્વરૂપમાં કેવળ આત્મબુદ્ધિ વર્તે છે અને દેહાદિથી અને રાગાદિથી ભિન્નપણું વર્તે છે, એવું જે નિરાવરણજ્ઞાન છે (કે) જે કેવળજ્ઞાનનું સાધક છે. એ જ્ઞાન પણ 'કૃપાળુદેવ'માં અતિશયપણે પ્રકાશમાન થયું હતું અને તે તેમના વચનયોગથી સારી રીતે સમજી શકાય છે.

અહો! તેમની સમાધિ! ઉપાધિમાં પણ સમાધિ! પૂર્વકર્મના યોગે બહારમાં અનેક પ્રકારનો ઉપાધિયોગ વર્તતો હતો. પત્રોમાં જે વિષય આવ્યો છે એ બહુ અલ્પાંશે આવ્યો છે. પણ તેના ઉપરથી કેટલાંક અનુમાન કરીએ તો સ્પષ્ટ ખ્યાલમાં આવે કે, અનેક પ્રકારના ઉપાધિયોગમાંથી તેઓ પસાર થતા હતા, તોપણ તેમની આત્મસમાધિ એવી ને એવી રહેતી હતી! (એક પત્રમાં લખે છે) 'અમે જે કાંઈ કરીએ છીએ તે કાંઈ લેવા માટે કરતા નથી. જગતના જીવો વ્યવસાય કરે છે એ કાંઈક લેવા માટે કરે છે, જ્યારે અમે કાંઈ કરીએ છીએ એ દેવા માટે કરીએ છીએ!' એટલે કે પૂર્વકર્મનું જે કરજ છે એ કરજ ચૂકવીએ છીએ, કરજ પ્રમાણિકપણે ચૂકવીએ છીએ, કરજ કર્યું હોય અને ન ચૂકવવાની દાનત (હોય) એમાં પ્રમાણિકતા નથી. એવી એક લોકોત્તર પ્રમાણિકતાનાં દર્શન એમના ઉદયપ્રસંગો અને એ ઉદયપ્રસંગોમાં એમને વર્તતી જે આત્મસમાધિ, એ સમાધિથી એમનું જીવન, એમનું પરિણમન – એનું દર્શન આપણને થાય છે.

અહો! તેમની પરમ જાગૃતિ! આત્મસ્વરૂપને વિષે નિરંતર જાગ્રત છે એવા જે જ્ઞાનીપુરુષ છે એમને ધન્ય છે! એ નિરંતર જાગ્રત છે. કોઈ એમ કહે કે, નિરંતર જાગ્રત કેમ રહી શકાય? ઊંઘ આવી જાય, નિંદ્રા આવી જાય, (એમાં) કેવી રીતે જાગૃતિ રહે? એ નિદ્રા આવે તોપણ તેમની અંતર પરિણતિમાં વર્તતી જે જ્ઞાનધારા છે, જે સર્વ ગુણાંશરૂપ સમ્યક્ત્વ છે! જ્ઞાનધારા એટલે માત્ર જ્ઞાનની પરિણતિ એટલું નહિ, એ જ્ઞાનધારા કહેતાં આત્માના સર્વ ગુણો યથાસંભવ શુદ્ધિને પ્રાપ્ત થયા છે, એવી


(પરમ કૃપાળુદેવને વંદન કરતા પૂ.ભાઈશ્રી – સાયલા)

જે એમની અલૌકિક દશા હોય છે, એ દશા નિરંતર ચાલુ રહે છે. એ સમજી શકાય એવો વિષય છે, ન સમજાય એવો વિષય નથી.

આપણે સૂઈ જઈએ છીએ, ઊંઘ આવે છે, પણ કોઈ ઓચિંતો સાદ પાડે તો કેમ હોંકારો દઈ દઈએ છીએ! ઊંઘમાં ક્યાં ખબર પડી કે, આપણને કોઈ બોલાવે છે? પણ જે કાંઈ આપણું દેહાત્મબુદ્ધિએ પરિણમન ચાલે છે કે, 'હું ફલાણો–ફલાણો છું!' એ ભ્રાંતિ નિવૃત્ત થઈને 'હું એક માત્ર જ્ઞાનસ્વભાવી આત્મા છું, ચૈતન્યસ્વરૂપી આત્મા છું!' એવી જેની અપૂર્વ આત્મરસે પરિણતિ થઈ છે એ પરિણતિ નિરંતર, જેમ અજ્ઞાનીને અજ્ઞાનદશાની ચાલુ રહે છે, તેમ જ્ઞાનીને જ્ઞાનદશામાં ચાલુ રહે છે. એવી એમની અંતર જાગૃતિથી પણ એમનાં દર્શન કરવાં યોગ્ય છે.

અહો! તેમનો વૈરાગ્ય! વૈરાગ્ય તો નીતરતો વૈરાગ્ય હતો! જેમ કોઈ કપડું પાણીમાં બોળીને બહાર લેવામાં આવે તો વધારાનું પાણી નીતરવા મંડે. એક પત્રમાં એ પોતે લખે છે કે, 'અમારા અંગમાં એટલો વૈરાગ્ય છે કે અમારા સંગમાં આવેલાને ત્યાગ કરવો, સંયમ પાળવો, વૈરાગ્ય આવવો એ તો સહજ થઈ જાય.' અને એટલા માટે આપણે એમને 'બોધસ્વરૂપે' જોઈએ છીએ! આજે આપણે એમને એક મનુષ્ય તરીકે નથી જોતા. ભલે સામાન્યજન માટે એ એક ૧૨૭ વર્ષ પહેલાં 'વવાણિયા'માં મનુષ્ય તરીકે જન્મ પામ્યા હોય. પણ તેમને જેઓ ઓળખે છે એ તો એમને 'બોધસ્વરૂપે' જુએ છે! બોધસ્વરૂપે એટલે કે, જેના સત્સંગમાં આવનારને સ્વયં સહજ એમની પરિણતિ જોતાં બોધની પ્રાપ્તિ થાય, કહેવું ન પડે. એમના સંગમાં મૌનપણે રહે, બોલે ત્યારની વાત તો જુદી જ છે, પણ ન બોલતા હોય, મૌન રહેતા હોય તોપણ એમના સંગમાં રહેનારને બોધની સ્વયં પ્રાપ્તિ થાય, એવું એમનું અંગ હતું! એવું એમનું અંતરંગ હતું! એવું એમનું બહિરંગ હતું! અંતર્બાહ્ય એ વૈરાગ્યની મૂર્તિ હતા, એમ કહેવું જોઈએ.

તેમની વીતરાગતા! આ વૈરાગ્ય માત્ર શુભભાવરૂપ નથી એ દર્શાવવું જરૂરી છે. વૈરાગ્ય બે પ્રકારના હોય છે. કેટલાક સંયમ અને ત્યાગથી શુભભાવો ઉત્પન્ન થાય છે એને પણ વૈરાગ્ય કહે છે. મુમુક્ષુની ભૂમિકામાં આત્મકલ્યાણની તીવ્ર ભાવનાથી ઉદયના નીરસ પરિણામ થાય તેને પણ વૈરાગ્ય કહે છે. પણ આ વૈરાગ્ય મુમુક્ષુદશાનો નથી જ્ઞાનદશાનો છે. મુમુક્ષુદશાનો વૈરાગ્ય જુદો હોય છે. જ્ઞાનદશાનો વૈરાગ્ય જુદો હોય છે અને મુનિદશાનો વૈરાગ્ય પણ જુદો હોય છે. એ અલગ અલગ દશાના સ્તરથી વૈરાગ્યની ભૂમિકા પણ અલગ–અલગ હોય છે. એમનો જે વૈરાગ્ય હતો એ વીતરાગતા સમેત હતો, વીતરાગતા સહિત હતો. એમની જે આત્મસ્વરૂપથી અને સહજ સ્વભાવથી ઉત્પન્ન થયેલી જે વીતરાગતા, એ વીતરાગતાની સાથે એમના અંતર્ બાહ્ય વૈરાગ્યનો સુમેળ હતો. એટલે જેમ કોઈ સોનાને ગેરુ ચડાવવામાં

આવે, દાગીનાને અનેક પ્રકારના કેમિકલ્સથી–રસાયણોથી વિશેષ પોલીશ કરવામાં આવે અને એ દીપી ઊઠે, એનું તેજ પ્રગટ થાય, તેમ વીતરાગતાથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય એ વિશેષપણે પ્રકાશે છે. એ એમનું દિવ્ય વૈરાગ્યપણું અને તેજસ્વીપણું એમાં પ્રસિદ્ધ થાય છે.

અહો! તેમની શાંતિ! આટલા બધા ગુણ હોય ત્યારે આત્મશાંતિ, એ તો જે પરિણમનનું પ્રયોજન છે, એ તો મુખ્ય એમાં હોય જ છે. કોઈ પણ પ્રસંગોમાં પોતાના ધૈર્યને એ ગુમાવતા નથી, એમની ધીરજ પણ આશ્ચર્યકારક હોય છે! એ ધૈર્ય અને શાંતિથી એમનું જે પરિણમન છે એ પણ હૃદયથી અવલોકન કરવા યોગ્ય છે અને દર્શન કરવા યોગ્ય છે!

'ભક્તિ'નું નિરૂપણ તો 'કૃપાળુદેવે' એટલું સુંદર અને એટલું સરસ કર્યું છે કે, આત્મસ્વરૂપની, આત્મપરિણામોની, આત્મસ્વભાવની પરખપૂર્વક જો મુમુક્ષુને ભક્તિ પ્રગટ થાય તો એ ક્ષણ વારમાં મોક્ષ દે એવો પદાર્થ છે! એટલું ભક્તિનું નિરૂપણ કર્યું છે!! કોઈ એમ સમજે છે કે, આ તો 'ભક્તિ' નામનો એક રાગ છે. જેમ બીજા રાગ હોય છે એવો આ પણ એક વિકલ્પ છે. પણ 'કૃપાળુદેવ'ને 'ભક્તિ'ના શબ્દમાં એવી છીછરી વાત કરવી નથી. તેમનો 'ભક્તિ' શબ્દ દ્વારા જે કાંઈ નિરૂપણ કરવાનો અભિપ્રાય અને ભાવ રહેલો છે, એ ઘણો ઊંડો અને ગંભીર છે! ભક્તિ દ્વારા તેમણે જ્ઞાનની દશાને વ્યક્ત કરી છે.

ભક્તિ એ રાગની પર્યાય નથી પણ ખરેખર તો જ્ઞાનની પર્યાય છે. જે જ્ઞાનમાં – જે સમજમાં મૂલ્યાંકન થાય છે, જેમાં ભાવભાસન આવે છે અને તેને લઈને જે બહુમાન પ્રગટ થાય છે, એવા જે બહુમાનયુક્ત જ્ઞાનનાં પરિણામો એને તેઓશ્રી 'ભક્તિ' કહેવા માંગે છે. અને તે ભક્તિનું નિરૂપણ તેઓશ્રીનું અસાધારણ અને અલૌકિક છે! ભાગ્યે જ એવું નિરૂપણ અન્ય ગ્રંથોમાં જોવામાં આવે, એવું નિરૂપણ એમણે ઠામ–ઠામ કરેલું છે.

એ રીતે 'કૃપાળુદેવ' જેવા મહાપુરુષ ૧૨૭ વર્ષ પહેલાં 'વવાણિયા'માં પધાર્યા. આયુષ્ય અલ્પ લઈને આવેલા – તેત્રીસ વર્ષ અને સાડા પાંચ મહિના! તોપણ એટલા કાળમાં જે કાંઈ પત્રો સચવાયા અને રહી ગયા તોપણ આટલો દળદાર ગ્રંથ થયો છે, તો બધા પત્રો અને એમનું બધું લખાણ રહ્યું હોત તો એટલા ટૂંકા સમયમાં પણ એમનું ચિંતન, એમનું પરિણમન કેટલું વિશાળ, કેટલું ઊંડું હતું એ વિશેષ ખ્યાલ આવત! આ તો એક નમૂનો છે!

તેથી જે ક્ષેત્રમાં તેઓ વિચર્યાં છે એ ક્ષેત્ર પણ ધન્ય છે! જે ગામમાં તેમનો જન્મ થયો છે તે ગામ પણ ધન્ય છે! 'વવાણિયા'! 'વવાણિયા'માં જન્મ થયો છે. આજે પણ (એ) એક તીર્થસ્થળ છે! ખરેખર તો જ્યાં–જ્યાં જ્ઞાનીપુરુષ વિચરે છે, તેમના ચરણારવિંદ જ્યાં–જ્યાં સ્પર્શે છે તે ભૂમિ ધન્ય છે! તે તીર્થ છે...! અને જ્યાં–જ્યાં તેમનો સ્પર્શ થાય છે તે આસન, તે શય્યા બધું (ધન્ય છે)....! આટલો તેમના વિષયમાં સંક્ષેપમાં (ગુણાનુવાદ છે).

*



# મહાવીર ભગવાનનું શાસન જયવંત વર્તો!!

– પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

પ્રશ્ન :– આજે વીરનિર્વાણદિનપ્રસંગે કૃપા કરી બે શબ્દ કહો.

ઉત્તર :– શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા. આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી. ચૈતન્યશરીરી ભગવાન આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને પામ્યા, ચૈતન્યગોળો છૂટો પડી ગયો, પોતે પૂર્ણ ચિદ્રૂપ થઈ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા; હવે સદાય સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે. આજે ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકરભગવાનનો વિયોગ થયો, વીરપ્રભુના આજે વિરહ પડ્યા. ઈન્દ્રોએ ઉપરથી ઊતરીને આજ નિર્વાણમહોત્સવ ઊજવ્યો. દેવોએ ઊજવેલો તે નિર્વાણકલ્યાણક મહોત્સવ કેવો દિવ્ય હશે! તેને અનુસરીને હજુ પણ લોકો દર વર્ષે દિવાળીદિને દીપમાળા પ્રગટાવીને દીપોત્સવીમહોત્સવ ઊજવે છે.


આજે વીરપ્રભુ મોક્ષ પધાર્યા. ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તરત જ અંતરમાં ઊંડા ઊતરી ગયા અને વીતરાગદશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાનને પામ્યા. આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું આશ્ચર્યકારક, સ્વપરપ્રકાશક પ્રત્યક્ષજ્ઞાન તેમને પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં આનંદાદિ અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી.

અત્યારે આ પંચમ કાળે ભરતક્ષેત્રમાં તીર્થંકર ભગવાનના વિરહ છે, કેવળજ્ઞાની પણ નથી. મહાવિદેહક્ષેત્રમાં કદી તીર્થંકરનો વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ વર્તે છે. આજે પણ ત્યાં ભિન્ન ભિન્ન વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીશ તીર્થંકર વિદ્યમાન છે. હાલમાં વિદેહક્ષેત્રમાં પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરનાથ વિચરી રહ્યા છે અને સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિનાં ધોધ વરસાવી રહ્યા છે. એ રીતે અન્ય વિભાગોમાં અન્ય તીર્થંકર ભગવંતો વિચરી રહ્યા છે.

જોકે વીરભગવાન નિર્વાણ પધાર્યા છે તોપણ આ પંચમ કાળમાં આ ભરતક્ષેત્રે વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે, તેમનો ઉપકાર વર્તી રહ્યો છે. વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્યભગવંતો થયા જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે. શ્રી કુંદકુંદાદિ સમર્થ આચાર્યભગવંતોએ દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મુક્તિનો માર્ગ અદ્ભુત

(અનુસંધાન પાના નં ૧૭ પર...)

## વિષમકાળના મહાવીર !!!



મુંબઈ, ચૈત્ર સુદ ૧૩, ૧૯૫૨

ૐ

જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઈચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઈચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો?

હે કૃપાળુ! તારા અભેદ સ્વરૂપમાં જ મારો નિવાસ છે ત્યાં હવે તો લેવા દેવાની પણ કડાકૂટથી છૂટા થયા છીએ અને એ જ અમારો પરમાનંદ છે.

કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો, પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી, વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતા જાણી નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.

વર્તમાને વિદ્યમાન વીરને ભૂલી જઈ, ભૂતકાળની ભ્રમણામાં વીરને શોધવા માટે અથડાતા જીવોને શ્રી મહાવીરનું દર્શન ક્યાંથી થાય?

ઓ દુષમકાળના દુર્ભાગી જીવો! ભૂતકાળની ભ્રમણાને છોડીને વર્તમાને વિદ્યમાન એવા મહાવીરને શરણે આવો એટલે તમારું શ્રેય જ છે.

સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઈચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવોની ત્રિવિધ તાપાગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ.

મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવાને માટે અમે કલ્પવૃક્ષ જ છીએ.

વધારે શું કહેવું? આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.

આ અંતર અનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદ્‌ભવેલો લખ્યો નથી, પણ કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદયરિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે.


ૐ શ્રી મહાવીર (અંગત) (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૬૮૦)

### ‘ભગવાન મહાવીરનો પ્રતાપ !!’

આપણા માટે વિચાર કરીએ તો અત્યારે જે કાંઈ આત્મકલ્યાણના માર્ગના ઉપલબ્ધ સાધનો છે, વર્તમાનમાં સાહિત્ય છે, જ્ઞાનીઓ છે જે કાંઈ છે તે ભલે અલ્પ છે તોપણ મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય એવી પર્યાપ્ત સામગ્રી છે, પૂરતી સામગ્રી છે અને એ છે એ ભગવાનનો – ‘મહાવીર ભગવાન’ જે તીર્થના પ્રવર્તક થયા એમનો પ્રતાપ છે, એમનો પ્રભાવ છે.

–પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

(શ્રી ‘અધ્યાત્મ સુધા’ ભાગ – ૩, પ્રવચન નં -૬૮, તા. ૧૨-૦૪-૮૭, પાના નં.- ૬૪)



# ‘માર્ગદર્શન’

–‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’– પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

**પ્રશ્ન :– નજરમાં તો પરપદાર્થ આવે છે, સ્વવસ્તુ નજરમાં આવતી નથી – તો શું કરવું?**

**ઉત્તર :– જે ક્ષેત્રમાં નજરનું પરિણમન થઈ રહ્યું છે, તે આખા ને આખા ક્ષેત્રમાં વસ્તુ પડી છે. નજર જ્યાંથી ઉઠે છે... તે જ વસ્તુ છે. અતઃ નજર જ્યાંથી ઉઠે છે... ત્યાં જ વસ્તુને શોધી લો! ૪૫૮.**

*

**જે ચીજને પકડવી છે તેને પહેલાં પૂરી સમજી લેવી** (યથાર્થ નિર્ણય કરી લેવો) **જોઈએ. ૪૬૪.**

*

**ધ્રુવતત્ત્વને સમજવા માટે પર્યાય સિવાય કોઈ બીજો ઉપાય જ નથી, તેથી પર્યાયથી જ બધી વાત કહેવામાં (સમજાવવામાં) આવે છે. ૪૬૬.**

*

**પહેલાં તો અસલ** (નિરપેક્ષ) **વાત નક્કી કરી લો, પછી અપેક્ષિત વાતોને સમજણમાં લો. એક બાજુ, પરદ્રવ્યનું ચિંતન રાગનું કારણ બતાવે; બીજી બાજુ, કેવળીના દ્રવ્ય–ગુણ–પર્યાયનું ચિંતન મોહક્ષયનું કારણ બતાવે; હવે પરદ્રવ્યનું ચિંતન રાગનું કારણ, તે તો ‘સિદ્ધાંત’ છે; અને મોહક્ષયનું કારણ તો ‘નિમિત્તની અપેક્ષાથી’ કહ્યું છે. આ રીતે બધી જગ્યાએ ‘નિરપેક્ષ’ વાત કાઢીને પછી ‘અપેક્ષિત’ વાત સમજી લેવી જોઈએ. ૪૭૩.**

*

**વાસ્તવમાં સાંભળવા વગેરેનો રસ ઓછો થઈ જવો જોઈએ, તે ઓછો ક્યારે થશે? કે – જ્યારે અંદરનો રસ વધતો જાય ત્યારે તે બાજુનો રસ ઓછો થતો જાય.** (એટલે) **શરૂથી જ તે બાજુમાં** (સાંભળવા આદિમાં) **જોર નહિ આવવું જોઈએ.** (મુમુક્ષુજીવને શુભ- ભાવમાં રસ આવે છે, તે પણ વિભાવરસ જ છે. સિદ્ધાંત તો એ છે કે ક્યાંય પણ (શુભાશુભભાવમાં) વિભાવરસ તીવ્ર નહિ હોવો જોઈએ. અતઃ એવી સમજપૂર્વક અત્યંત સાવધાની રહેવાથી, ઉક્ત પ્રતિબંધક રસ તીવ્ર નહિ હોવાથી, અંતરસ્વભાવરસ ઉત્પન્ન થવાનો અવકાશ બને છે; અને એવા અવકાશથી અંતરસ્વભાવરસ આવિર્ભૂત થવાની પ્રક્રિયા સંભવિત છે.) **૪૮૯.**

*



## પરમાત્મા પાસે મડદાની સેવા શા માટે?!!

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

*'આત્માને એકને મુખ્ય રાખીને તેનાં દરેક કાર્યો હોય છે.'* દરેક કાર્યમાં આત્મા મુખ્ય રાખે છે. જેમકે રળવું પડે છે. તો કહે ગમે ત્યારે રળવું બંધ કરી દેવું છે. કમાવું પડે છે, પરિસ્થિતિ કોઈ એવી છે ઠીક છે, (પણ) રળવા ખાતર રળવું નથી. કે દી' રળવાનું બંધ થાય અને નિવૃત્તિ લઉં? એના માટે એને રળવું છે. એમ. જમે છે માણસો તો જમતી વખતે એને એવો ભાવ રહે છે કે, આ જમવું પડે છે, બાકી આત્માને શું પ્રયોજન? આમાં આત્માને શું મળે છે? એક રજકણ કાંઈ આત્માને મળતો નથી. ઠીક છે. ચાલશે નહિ. પરિણામની દવા કરવી છે એટલે જમી લેવું પડે બાકી મારા આત્માને આમાં કાંઈ પ્રયોજન નથી. શું થયું? ફાવવું–ન ફાવવું, ભાવવું–ન ભાવવું બધા ટાયલા બંધ થઈ ગયા. કેમકે વેઠ જ ઉતારવાની છે! (પેટમાં) નાખી દ્યો ભાઈ. ૨૦૦–૪૦૦ ગ્રામ. જેનો જેટલો ખોરાક. પેટનો ખાડો પૂરવાનો છે. પધરાવી દ્યો. કાંઈ એનો ઉપયોગ ખેંચાય જ નહિને! ઉપયોગ ખેંચાય તો વિક્ષેપ ઊભો થાયને? આંખ મીંચીને ખાઈ લે. નાખી દ્યો ફટાફટ જાવ! એમ દરેકમાં. આત્માને એકને મુખ્ય રાખીને દરેક કાર્ય હોય છે. આવી રીતે વાત છે. નહિતર ચીકાશ થયા વગર રહે નહિ.

એક પાણી પીવે ત્યારે પ્યાલો ચોખ્ખો છે કે નહિ? અંદર કસ્તર નથીને પાણીમાં? એવું બધું ધ્યાન ગયા કરે. તરસ લાગી તો નાખી દે તરસ છીપાય એટલું. બીજું શું? એમાં ઉપયોગ શું પરોવવો? આખે આખો રોકાઈ જાય છે. વાત નાની છે પણ આખેઆખો પરમાત્મા ત્યાં રોકાઈ જાય છે. તમને કોઈ એમ કહે કે ભાઈ આ એક મડદું છે એની તમે સેવા કર્યા કરો. સવાર, બપોર, સાંજ એની સેવા કર્યા કરો. તમને રસ કેટલો આવે એ કહો? તો પછી આ શું છે? મડદાની સેવા. અને એમાં જીવ રસ લે છે પાછો. રસ લે છેને? બાકી છે તો મડદાની સેવા કરવાનું. અને તે પણ પાછો પરમાત્મા થઈને. પરમાત્મા પાસે મડદાની સેવા કરાવે છે. ઠીક! હવે એ સેવામાં રસ પડે તો પછી પરમાત્મા કે દી' સૂઝે એને?

મુમુક્ષુ :- એટલે જ પામર થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા એ જડત્વને પામે છે. જડના પરિચયથી અને જડના પ્રેમથી અને રુચિથી એ જડત્વને એટલે અબોધદશાને પામે છે. એક જગ્યાએ આવે છે જડત્વને

એટલે અબોધદશાને પામે છે. ૫૫મો પત્ર.

અબોધદશાને પામે છે એટલે શું? કે જે જડની રુચિ વધી જાય છે જેને, શરીરની રુચિ વધી જાય છે એને બોધ જલ્દી અસર ન કરે એવી દશા પામે છે. એને આત્માનો બોધ સાંભળવા મળે કે જો ભાઈ! તું જ્ઞાનસ્વરૂપી છો! સુખ તારા અંતરમાં છે, સુખ ક્યાંય બહાર નથી, તોપણ એના આત્માને અસર ન કરે. એ જડની રુચિને લઈને અબોધદશા થઈ ગઈ છે. બોધ સ્પર્શ ન કરે એને. બોધને સ્પર્શે નહિ. એની અસર જ ન આવે.

મુમુક્ષુ :- એ રુચિને ફેરવવાની છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા! એ રુચિને તોડી નાખવી. ઘણાંને એવી દશા જોવામાં આવે છે. એટલો ધંધા–પાણીમાં અને રળવામાં ને ખાવા–પીવામાં એટલો બધો રસ હોય. ખાવા–પીવામાં પણ એવો રસ. સ્વાદ પાછળ ગાંડા. ગાંડા એટલે શું? કે તબિયત ખરાબ હોય તોપણ ખાય એમ. એટલે એને ગાંડા જ કહેવાયને? આત્માની વાત રુચે નહિ. આત્માની વાત રુચે નહિ એને. એવી દશા થઈ જાય. અને કોઈ આત્માની વાત સાંભળવા મળે તો એને કાંઈ જરાય સ્પર્શે નહિ. ઠીક છે! આ લોકો એવું બધું કર્યા કરે છે. એને તો જે રસ પડ્યો છે!! અહીંયાં બરાબર રસ અને રુચિ જામેલા રહે છે.

(પ્રવચનાંશ...શ્રી 'અધ્યાત્મ પિપિસા'ભાગ - ૬, પ્રવચન નં -૧૮૬, પ્રશ્ન-૨૪૩, તા. ૧૨-૧૦-૧૯૯૭)

*

---

(પાના નં ૧૩થી આગળ...)

રીતે પ્રકાશ્યો છે.

હાલમાં શ્રી કહાનગુરુદેવ શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે. તેઓશ્રીએ પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગૃત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો. (શ્રી 'બહેનશ્રીનાં વચનામૃત' - ૪૩૨)

---


## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (ઑક્ટોબર–૨૦૨૫, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણરાશિ
શ્રીમતી નલિનીબહેન ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,
જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.


## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૯૩મી જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આગામી ૯૩મી જન્મ જયંતી માગશર સુદ-૪, તા. ૨૪-૧૧-૨૦૨૫ થી માગશર સુદ-૮, તા. ૨૮-૧૧-૨૦૨૫ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૨૭-૧૧-૨૦૨૫ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

સંપર્કઃ શ્રી રાજેન્દ્રભાઈ જૈન, મો. ૯૮૨૫૧૫૫૦૬૬

કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧

## નવું પ્રકાશન
## 'અધ્યાત્મ પિપાસા' (ભાગ-૬)




પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા'ની શ્રેણીનો ભાગ-૬ (ગુજરાતી) પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આગામી ૯૩માં જન્મજયંતી મહોત્સવ પ્રસંગે, તા. ૨૮-૧૧-૨૦૨૫ના દિવસે પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની આવશ્યકતા હોય તેઓએ પોતાની નકલ તા. ૩૦-૧૦-૨૦૨૫ સુધીમાં નીચેના નંબર પર રજીસ્ટર કરાવી લેવા વિનંતી.

- શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

શ્રી નીરવ વોરા ૯૮૨૫૦ ૫૨૯૧૩

## શાસનનાયક અંતિમ તીર્થાધિનાથ શ્રી મહાવીરપ્રભુના નિર્વાણકલ્યાણકના પાવન પ્રસંગે તેમના ચરણોમાં વંદન કરી, અનંત કાળની જન્મ-મરણની શ્રૃંખલાનો વ્યવચ્છેદ કરવાની મંગલમય ભાવનાના દીપ પ્રગટાવી સ્વાનુભૂતિપ્રકાશ પરિવારની સર્વ પાઠકવર્ગને દીપાવલીની શુભકામના!!

નિર્વાણકલ્યાણકને દિવસે દીપમાળાઓ પ્રગટાવી એટલે એ દિવાળી કહેવાણી. મૂળ શબ્દ તો 'દીપાવલી' છે. આવલી એટલે સમૂહ. એટલા બધાં દીવાનો સમૂહ હતો કે, આ દિવસને 'દીપાવલી મહોત્સવ' કહેવામાં આવે છે. એના ઉપરથી અપભ્રંશ થયો-દિવાળી. અને અંદર જે આત્માના અસંખ્ય પ્રદેશે જ્ઞાનના દીવા પ્રગટે તે સમ્યક્ત્વરૂપ દિવાળી છે, સ્વસંવેદનરૂપ દિવાળી છે!! 'ગૌતમ ગણધર ભગવાને' કેવળજ્ઞાનની દિવાળી ઉજવી! બીજાં અનેક જીવોએ સમ્યક્ત્વ આદિ પ્રાપ્ત કરીને અસંખ્ય પ્રદેશે જ્ઞાનની દિવાળી ઉજવી! એ ખરી દિવાળી છે. એ રીતે ખરી દિવાળી તો એ છે. આ ફટાકડા ફૂટે એ દિવાળી નથી. આ તો બધું હિંસાનું કારણ છે. અનેક જીવો વાતાવરણમાં હોય છે જે એની ગંધ માત્રથી મરી જાય છે. પણ એ પછી બીજાં લોકો જોડી દે છે.





ભગવાન મહાવીર ચરણકમળ

આમ તો દેવોએ, ઈન્દ્રો વગેરે આવીને અનેક દીવાઓ આ વખતે પ્રજ્વલિત કરેલાં અને સાધકોએ અંદરમાં જ્ઞાન-દીવાઓ પ્રજ્વલિત કરેલા!! એટલે આ અવસરને દિવાળીના અવસરથી આજે ૨૫૦૦ વર્ષ પછી પણ ઉજવવામાં આવે છે. આજનો મહાન દિવસ છે.

-પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

(પ્રવચનાંશ...શ્રી 'અધ્યાત્મ સુધા' ભાગ - ૧, પાના નં.- ૧)

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
Title Code : GUJGUJ07425
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'




## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન **-09825155066**

Printed Edition : **1215**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041